## હરિ નજર - ખરી નજર



આ બાબા આપણા પ્રધાનમંત્રીને કહે છે, 'તે અર્થશાસ્ત્રી નથી, અનર્થશાસ્ત્રી છે.'

# ક્રિસ્ટલ સાયન્સ સ્કૂલમાં વાલી દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૩

મુબારકપુરમાં આવેલી ક્રિસ્ટલ સાયન્સ સ્કૂલમાં તાજેતરમાં વાલી દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓના વાલીઓ આ પ્રસંગે ખાસ હાજર રહ્યા હતા અને પોતાના બાળકોની જવાબવહીઓ નિહાળી હતી.

શાળાના કેમ્પસમાં યોજાયેલા વાલી દિન નિમિત્તે વિદ્યાર્થીઓની પરીક્ષાની ઉત્તરવહીઓનું નિદર્શન ગોઠવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ લખેલી ઉત્તરવહીઓના નિદર્શનમાં વાલીઓએ પોતાના પાલ્યની જવાબવહી નિહાળી હતી.

દરેક વાલી પોતાના પાલ્યની જવાબવહી નિહાળી સંતુષ્ઠ જણાયો હોવાની વાત શાળાના આચાર્યએ કહી હતી. શાળાના જી.ડી. પટેલે આ પ્રસંગે વાલીગણોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# શહેરમાં અખિલ ગુજરાત એસ્ટ્રોલોજી સોસાયટી દ્વારા સેમિનાર યોજાયો


ગાંધીનગર, તા. ૨૩


વેદની આંખ સમાન જ્યોતિષનું જીવનમાં વિશેષ મહત્વ છે. વૈજ્ઞાનિક અભિગમને ધ્યાને રાખી જે વ્યક્તિ હોરા, સંહીતા અને સ્કંધ ત્રણેય વિષયનું પર્યાપ્ત જ્ઞાન હોય તેને જ્યોતિષ કહી શકાય તેમ અખિલ ગુજરાત એસ્ટ્રોલોજી સોસાયટીના પ્રમુખ મહેન્દ્ર પંડ્યાએ આજે જ્યોતિષ સેમિનાર દરમિયાન જણાવ્યું હતું.


શહેરમાં સે. ૭ ખાતે શનિવારે અખિલ ગુજરાત એસ્ટ્રોલોજી સોસાયટી દ્વારા એક સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ નિઃશુલ્ક માર્ગદર્શન શિબિર દરમિયાન નગરજનોને વાસ્ત, હસ્તરેખા, જન્મકુંડળી સહિતના વિષયો સંદર્ભે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. સેમિનારમાં અમરેલી, વડોદરા, અમદાવાદ, રાજકોટ, દીવ અને સુરત સહિતના શહેરોમાંથી જ્યોતિષ તજજ્ઞોએ હાજરી આપી હતી. આ તબક્કે સોસાયટીના પ્રમુખ મહેન્દ્ર પંડ્યાએ જણાવ્યું હતું કે હોરા, સંહીતા અને સ્કંધ ત્રણેયનું જ્ઞાન જેની પાસે હોય તેને જ્યોતિષ કહેવાય. તંત્ર અને વામ માર્ગ તેમજ અન્ય શાળાઓ માણસને ઉપકારક બને પરંતુ જેમાં પરા વિજ્ઞાન આપવું હોય તેવી વિદ્યા જ્યોતિષ ઉલ્લેખનીય નથી. માત્ર ગૃહમંડળના આધારે વ્યક્તિના અને વાતાવરણના પરિબળને અનુકુળ-પ્રતિકુળ વિશે સમજાવવું - જ્યોતિષ શાસ્ત્ર યોગ્ય માર્ગદર્શન પુરુ પાડી વિકાસની તકોને પુરી પાડી નબળા સમયમાં પથદર્શક બને છે. પરંતુ નિંદા અને પ્રલોભનોથી ગેરમાર્ગે દોરનારા તત્વોથી નાગરિકોએ સાવધ રહેવાની અનિવાર્યતા છે. સેમિનારમાં જ્યોતિષવિર સી.એન. પટેલ, બળવંતરાય મહેતા, અંબાલાલ પટેલ, કુમુદબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

## વ્યંગ વિશ્વ

- દિપેશ પરમાર





# અભિનેતા પરેશ રાવલ અને અક્ષયકુમાર આજે ગાંધીનગર શહેરની મુલાકાતે

## નવિન ફિલ્મ 'ઓહ માય ગૉડ'ના પ્રમોશન માટે બંને અભિનેતાઓ સિટી પલ્સ થિયેટર ખાતે આવી રહ્યા છે



ગાંધીનગર, તા. ૨૩

બૉલીવૂડ અભિનેતા પરેશ રાવલ અને અક્ષય કુમાર સોમવારે સાંજે ગાંધીનગરની મુલાકાતે આવી રહ્યા છે. બંને દ્વારા અભિનિત નવિન ફિલ્મ 'ઓહ માય ગૉડ' રિલીઝ થવા જઈ રહી છે, જેના પ્રમોશન માટે આ બંને અભિનેતાઓ ગાંધીનગરના પાદરે સ્થિત સિટી પલ્સ થિયેટર ખાતે આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ રાઉડી રાઠોડ અને જોકર ફિલ્મ પછી અક્ષય કુમારની લોકપ્રિયતામાં ખાસ્સો વધારો થયો છે અને પરેશ રાવલ તાજેતરમાં જ પોતાના નાટક 'ડિયર ફાધર' માટે ગાંધીનગરના મહેમાન બની ચૂક્યા છે.

એ પછી હવે પુનઃ તેઓ અક્ષય કુમાર સાથે ગાંધીનગરની મુલાકાતે આવી રહ્યા છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યોને વર્ષ ૨૦૧૦માં રજૂ થયેલ સચિન ખેડેકર અભિનિત નાટક 'કાનજી વિરુદ્ધ કાનજી' યાદ હશે. એ જ નાટકની કથાવસ્તુ પરથી ફિલ્મ 'ઓહ માય ગૉડ'નું નિર્માણ થયું છે.

# એસ.જી. ઈંગ્લિશ મિડીયમ પ્રાયમરી સ્કૂલમાં અભ્યાસલક્ષી બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ની કડી સાર્વજનિક વિદ્યાલયના કેમ્પસમાં આવેલી એસ.જી. ઈંગ્લિશ મિડીયમ પ્રાયમરી સ્કૂલમાં તાજેતરમાં વિદ્યાર્થીઓને ભાર વગરનું ભણતર મળે તે અંગેની અભ્યાસલક્ષી ચિંતન બેઠક યોજવામાં આવી હતી.

શાળાના આચાર્યા અંજલિબેન ટેકવાની અને કેમ્પસ ડાયરેક્ટર સોમભાઈ પટેલ તેમજ મીલીબેનની આગેવાની હેઠળ સમગ્ર બેઠકનું સુદૃઢ આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પસ ડાયરેક્ટર સોમાભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ભાર વગરનું ભણતર કેવી રીતે આપી શકાય તે માટેની ચિંતન બેઠક યોજવામાં આવી હતી. શિક્ષકોએ પણ આ બેઠકમાં પોતાના અનુભવના નીચોડ સમા સૂચનો રજૂ કર્યા હતા. આચાર્યા અંજલિબેન ટેકવાનીએ આ પ્રસંગે બાળકોને પડતા નોટો, પ્રેકટીસ બુકો તથા પુસ્તકોના ભારણને ઘટાડવા અને શિક્ષણને વધુ અનુકૂળ બનાવવા સૌથી વધુ શું સારૂ કરી શકાય તેવા પ્રયત્નો હાથ ધરવા શિક્ષકોનો સહકાર માગ્યો હતો. કેમ્પસ ડાયરેક્ટર સોમાભાઈ પટેલે પણ આ બાબતને સમર્થન આપી શિક્ષણ વધુ અસરકારક બને તથા બાળક દફતરનો ભાર સહન કરવાને બદલે પુસ્તકનો પ્રમ બની આદર્શ વિદ્યાર્થી બને તેવી અભિલાષા વ્યક્ત કરી હતી.

# કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને હાજર રાખવા પરીક્ષા રદ્દ

અમદાવાદ,તા.૨૩


મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને હાજર રાખવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ આવતીકાલે સોમવારે લેવાનારી પરીક્ષા રદ્દ કરતાં ૪૦ હજાર વિદ્યાર્થીઓનાં ભવિષ્યને અસર થશે. આવતીકાલે સોમવારે સુરતનાં ઈન્ડોર સ્ટેડિયમમાં યોજાનારી યુવા પરિષદમાં નરેન્દ્ર મોદીને વ્હાલા થવા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં સત્તાધીશોએ દરેક કોલેજનાં અધ્યાપક સહિત વિદ્યાર્થીઓને હાજર રાખવા ફરમાન કરતાં સમગ્ર શિક્ષણ આલમમાં કચવાટ ફેલાયો છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.નાં વિદ્યાર્થીઓને નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાં હાજર રાખવા વિદ્યાર્થીઓની પરીક્ષા રદ્દ કરી દેવાઈ છે. પરીક્ષા રદ્દ કરી દેવાતા ૪૦,૦૦૦ વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડા થતાં વિદ્યાર્થીઓને અસર થશે. કુલપતિએ દરેક વિદ્યાર્થીને એસ.એમ.એસ. કરી આ કાર્યક્રમમાં જોડાઈ ભગવાકરણ કરવા યુનિવર્સિટી ભાજપની પાંખ હોય તેમ વિદ્યાર્થીઓ વધારે જોતરાય તે માટે બસોની વ્યવસ્થા પણ કરી છે. ઈન્ટરનલ પરીક્ષા દરેક વિદ્યાર્થી માટે મહત્વની હોય છે. નરેન્દ્ર મોદીની ગુડવીલમાં નામ નોંધાવવા યુનિવર્સિટી ચાન્સલર ભાજપનાં એજન્ટ બન્યાં હોય તેમ દરેક કૉલેજનાં આચાર્યને ૨૦૦થી ૨૫૦ જેટલાં વિદ્યાર્થીઓ ઈન્ડોર સ્ટેડિયમમાં લાવવા ફરજિયાત આદેશ કરાયો છે. આવતીકાલે એન.એસ.યુ.આઈ.ના આગેવાનો તથા વિદ્યાર્થીઓ કાળા કપડાં દારણ કરી સેન્ટરોઉપર તથા માર્ગોપર નરેન્દ્ર મોદીના કાર્યક્રમનો વિરોધ પ્રદર્શિત કરશે.

# અદકેરા કવિ માધવ રામાનુજને આદ્યકવિ નરસિંહ મહેતા ઍવોર્ડ

'એક ક્ષણે જો યુદ્ધ અટકાવી શકો,
ટેન્ક પર માથું મૂકી ઊંઘી શકું.
એક એવું ઘર મળે આ વિશ્વમાં,
જ્યાં કશા કારણ વિના હું જઈ શકું.'

મુખ્યત્વે ગીતકવિ તરીકે જાણીતા માધવ રામાનુજના આ બે શેર છે. અશાંત વર્તમાન પરિસ્થિતિ વચ્ચે સાવ સરળ પણ હૃદયસ્પર્શી રીતે માનવીય અભિગમની વાત અહીં વાત અહીં વ્યકત થઈ છે. હા, વાત આજે કવિ માધવ રામાનુજની કરવી છે. આદ્યકવિ નરસિંહ મહેતા ઍવોર્ડ જેમને જાહેર થયો એ માધવ રામાનુજે પ્રમાણમાં ઓછી કવિતાઓ લખી છે પણ અદકેરું લખાયું છે.

૨૨ એપ્રિલ, ૧૯૪૫ ધંધુકા તાલુકાના પચ્છમ ગામે એમનો જન્મ. અમદાવાદની જાણીતી સી.એન.મહાવિદ્યાલય સંસ્થામાં અભ્યાસ કર્યો. ફાઈન આર્ટસ ભણાવ્યું અને આચાર્ય તરીકે નિવૃત થયા. 'તમે', 'અક્ષરનું એકાંત', 'અનહદનું એકાંત', 'કલરવના દેશ', પ્રાણ કાવ્ય સંગ્રહો પ્રગટ થયા. 'પિંજરની આરપાર' અને 'સૂર્ય પૂરુષ' નવલકથા 'રાગવૈરાગ'નાટત- ગદ્યમાં પણ એમણે કામ કર્યું છે. 'પીઠી પીળી રંગ રાતો' અને 'દેરાણી-જેઠાણી' ગુજરાતી ફિલ્મના ગીતો માટે શ્રેષ્ઠ ગીતકારના પુરસ્કારો મળ્યા છે. 'તમે' કાવ્યસંગ્રહને ગુજરાતી સાહિત્ય અકાદમીનું પારિતોષિક પણ મળ્યું હતું.



માધવ રામાનુજના એક ગીતનો ઉપાડ કંઈક આવો છે, 'અંદર તો એવું અજવાળું, અજવાળું
સળવળતી હોય આંખ જેને જોવાને,
એ મીંચેલી આંખેય ભાળું.'

ભગવા રંગની ઝાંય ધરાવતી આ પંક્તિઓ કવિ માધવ રામાનુજની સમગ્ર પ્રકૃતિને પણ પ્રગટ કરે છે. ભીતર કંઈક એવું અજવાળું હોય તો જ બંધ આંખે પણ બધું દેખાતું હોય છે. અને આ ભીતરનું અજવાળું એવું છે, કે ત્યાં કદી અંધારું થતું નથી. આ અજવાળું પછી કવિની બધી જ કવિતાઓમાં રેલાતું જોવા મળે છે અને કયારેક પ્રલંબલયનું આવું ગીત પણ મળી આવે છે. 'ઝાડથી ખરે પાંદડું એમાંય કેટલાં કિરણ આથમ્યાનું સંભારણું હશે?

આપણી વચ્ચે આવજો ની કોઈ ભીંત હશે, કે યાદ જેવું કોઈ બારણું હશે?'

'યાદ જેવું કોઈ બારણું હશે?માં રહેલું અભિવ્યક્તિ નાવિન્ય પણ માણવા જેવું છે.'

ગુજરાતીમાં આધુનિકતાના પ્રબળ ઉન્મેષ પછી જે ગીત કવિતા આવી જએમાં રમેશ પારેખનું નામ અગ્ર સ્થાને છે. માધવ રામાનુજ અને રમેશ પારેખ બંને સમકાલીન કવિઓ. રમેશ પારેખની ગીત કવિતાના લયનો કૅફ ગુજરાતી કવિતાને હતો ત્યારે એમાં ગીતકવિ તરીકે પોતાકી મુદ્રા ઉપસાવવાનું અંકિત કરી.

માધવ રામાનુજની કવિતામાં સાદગીનું સૌદર્ય છે. ભારેખમ શબ્દોના કોઈપણ પ્રકારના અભિનિવેશ વગર સરળ રીતે માધવ પોતાની વાત અભિવ્યકત કરી શકે છે. અભિવ્યક્તિ સરળ હોય પણ વાત હૃદયસ્પર્શી હોય. ગુજરાતી ગીત કવિતાના ચાહકને આ પંક્તિઓ ખબર ન હોય એવું બને ?

'પાસ પાસે તોય કેટલા જોજન દૂરનો આપણો વાસ,

જેમ કે ગગન સાવ અડોઅડ તોય છેટાનો ભાસ..'

ગુજરાતી સુગમ સંગીતના ચાહકો પણ માધવ રામાનુજની કવિતાથી પરિચિત માધવ પોતે પણ સંગીત, ચિત્રકળાના જાણકાર એટલે લય અને દૃશ્યનું અનોખું સાયુજ્ય એમની રચનાઓમાં સર્જાતું હોય છે.

રમેશ પારેખ, હરીન્દ્ર દવે અને સુરેશ દલાલ ગીતકવિ તરીકે જાણીતા અને સાથે સાથે કૃષ્ણપ્રિય કવિઓ. એમની કૃષ્ણપ્રિતીની કવિતાઓ પણ એટલી જ જાણીતી, સુગમ સંગીત ક્ષેત્રે પણ પ્રચલિત. આ સ્થિતિમાં કૃષ્ણકવિ તરીકે પણ માધવે પોતાની ઓળખ ઉભી કરી.( પોતે પણ માધવ તો ખરા ને!) એમના બે ગીતો પ્રચલિત તો છે જ પણ સરળતા અને અભિવ્યક્તિની રીતે પણ માણવા જેવા છે.

'ગોકુળમાં કોક વાર આવો તો કાન હવે રાધાને મુખના બતાવશો,

ગાયોનું ધણ લઈને ગોવરધન જાવભલે, જમુનાને કાંઠે ન આવશો..'

'એકવાર યમુનામાં આવ્યું તું પુર.

મથુરાથી માથે મુકીને કોક લાવ્યું તું વાંસળીના સૂર'

કૃષ્ણની સરખામણી વાંસળીના સૂર સાથે કરવામાં કવિકર્મની પ્રતીતિ થાય છે.

અછાંદસના કવિ તરીકે પણ એમણે નોંધપાત્ર રચનાઓ આપી છે પણ એકમાત્ર ૩૦ જાન્યુઆરી રચના જ એમને સમર્થ અછાંદસ કવિને તરીકે સ્થાપિત કરવા માટે પૂરતી છે. ગાંધીવધનો દિવસ કવિને કેવો હચમચાવી ગયો છે એ વાત બહુ નાજુક રીતે આ રચનામાં વ્યકત થઈ છે -

સવારે સૂર્ય તો ઊગ્યો હતો...
એ સાંજ પણ હવે ક્યાંથી પાછી ફરે
જેણે એક સાથે સૂર્ય બબ્બે આથમ્યા જોયા હશે !!

અહીં પણ ગાંધીની સરખામણી સૂર્ય સાથે કરવામાં અને એ સાંજની પોતાની પીડા વ્યક્ત કરવામાં કવિકર્મનો ખ્યાલ આવે છે. માધવના એક ગીતનો ઉપાડ આવો છે :

'હળવા તે હાથે ઉપાડજો રે અમે કોમળ કોમળ...'

જેની કવિતા હળવા હાથે ઉપાડવી પડે, સરવા કાને સાંભળવી પડે, નરવા હૃદયે આત્મસાત કરવી પડે એવા કવિ માધવ રામાનુજને આદ્યકવિ નરસિંહ મહેતા ઍવોર્ડ જાહેર થાય છે ત્યારે ખૂબ ખૂબ અભિનંદન.

- ધ્વનિલ પારેખ





શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ, સૅક્ટર-૭ ખાતે વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

# આજે આપણે ભવિષ્ય કાળનો અભ્યાસ કરીએ

## આવો અંગ્રેજી શીખીએ

- ચેતના બુચ

॥ દસમો મણકો ॥

મિત્રો, આજે આપણે મુખ્ય ત્રણ કાળમાંનો એક કાળ ભવિષ્યમાં (**Future Tense**)નો અભ્યાસ કરીએ. ભવિષ્યમાં બનનાર ક્રિયાનો નિર્દેશ કરવા માટે ભવિષ્યકાળ વપરાય તેના ત્રણ પ્રકાર છે.

૧. **Simple Future Tense**(સાદો ભવિષ્યકાળ)
૨. **Future ContinousTense**(ચાલુ ભવિષ્યકાળ)
૩. **Future Perfect Tense**(પૂર્ણ ભવિષ્યકાળ)

સાદો ભવિષ્યકાળ **(Simple Future Tense)**

**To go** = જવુ.

| | Singular | Plural |
|---|---|---|
| ૧. | **I shall go**<br>હું જઈશ | **We Shall go**<br>અમે જઈશું |
| ૨. | **You will go** | **You will go** |
| ૩. | **He will go**<br>**She will go**<br>**It will go** | **They will go** |

નોંધ : **I** અને **We** સાથે **Shall** વપરાય. જ્યારે **He, She, It, You, They** સાથે **Will** વપરાય.

**Shall** કે **Will** સાથે ત્રિ.પુ.નું મૂળરૂપ મુકાય.

**To go** = જવુ.

પ્રશ્નાર્થ રૂપો

| | Singular | Plural |
|---|---|---|
| ૧. | **Shall I go?**<br>શું હું જઈશ? | **Shall we go?**<br>શું અમે જઈશ? |
| ૨. | **Will you go?** | **Will you go?** |
| ૩. | **He will go?**<br>**Will he go?**<br>**will she go?**<br>**will it go?** | **Will they go?** |

નોંધ : આવી જ રીતે નકારના રૂપો બનાવવા માટે **will** અને **Shall** પછી **not** મુકાય.

**e.g. Rita will not write.**

● પ્રશ્નાર્થ રૂપો બનાવવા માટે વાક્યની શરૂઆત **shall** અને **will**થી કરાય. અને વાકયને છેડે પ્રશ્નાર્થ ચિહ્ન મુકાય.

**e.g. I shall do this work.**

● ઉપયોગો :

– ભવિષ્યમાં બનનાર, થનાર ક્રિયા દર્શાવવા માટે આ કાળ વપરાય

**e.g. I am going to visit Delhi.**

– કોઈ વિશિષ્ટ હેતુ ન હોય તો ઉપરોક્ત રચના થાય. પરંતુ જો ક્રિયામાં ખાસ પ્રકારનો હેતુ સૂચવાયો હોય તો **to be going to**નાં રૂપ વાપરીને આ કાળ દર્શાવી શકાય.

**e.g. I am going to visit Delhi.**

નો અર્થ **I will visit Delhi** જેવો જ થાય.

● પ્રથમ પુરુષમાં **shall**ની જગ્યાએ **will** નીચેના સંજોગોમાં મુકાય.

૧. વચન (**Promise**) સૂચવવા :

**e.g. I will give you a bicycle if you get good marks.**

૨. દૃઢ નિર્ધાર માટે :

**We will certainly come.**

૩. સાદા વર્તમાનકાળ તથા ચાલુ વર્તમાનકાળ દ્વારા પણ આ કાળ દર્શાવાય છે.

**e.g. My friend comes from Kashmir tomorrow.**

**We are meeting next week.**

**- tomorrow, next week, next month** વગેરે શબ્દો ભવિષ્યકાળ દર્શાવે.

મિત્રો, હવે તમે આવી રીતે **to sweep** = વાળવું, **to take** = લેવું, **to make** = બનાવવાના હકાર, પ્રશ્નાર્થ અને નકાર રૂપોનો મહાવરો કરશો.

● પરિચયાત્મક શબ્દો :

સરકાર **Government**
**Monarchy** (મોનાર્કિ) રાજાશાહી
**Democracy** (ડેમોક્રસી) લોકશાહી
**Ally** (એલી) મિત્ર રાજ્ય
**Motto** (મોટો) મુદ્રાલેખ
**Feud** (ફ્યુડ) જાગીર